હિંમતનગરના ફાઈનાન્સરની હત્યાના મામલે

હિંમતનગર-ઈડર સજ્જડ બંધ

જિલ્લાના અન્ય શહેરોમાં બંધને મિશ્ર પ્રતિસાદ : મુસ્લિમ સમુદાયે પણ દુકાનો બંધ રાખી હત્યાનો વિરોધ કર્યો

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર પાસેના વકતાપુર ખાતે આવેલી એક ફેકટરીમાં ઉઘરાણીએ ગયેલા ફાઈનાન્સરની ફેકટરી માલિકે હત્યા કરી લાશને કબ્રસ્તાનમાં દફનાવી દેતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. ફાઈનાન્સરની હત્યાના વિરોધમાં કેટલીક સંસ્થાઓએ શનિવારે સાબરકાંઠા જિલ્લા બંધનું એલાન આપ્યું હતું. જેને પરિણામે હિંમતનગર અને ઈડર સજ્જડ બંધ રહ્યું હતું જયારે અન્ય શહેરોમાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઈડર તાલુકાના મોટી વાડોલ ગમના વતની અને હિંમતનગરમાં વસવાટ કરતાં અને ફાઈનાન્સનો ધંધો કરતા ૩૫ વર્ષીય યુવાન ધર્મેન્દ્ર પટેલ મંગળવારના રોજ હિંમતનગર તાલુકાના વકતાપુર ગામે આવેલી એક ફેકટરીમાં ઉઘરાણી માટે ગયા હતા તે દરમિયાન ફેકટરી માલિક સાજીદ ભટ્ટ સાથે બોલાચાલી થઈ હતી. ફેકટરી માલિકે ફાઈનાન્સરની હત્યા કરીને લાશને નજીકના કબ્રસ્તાનમાં દફનાવી દીધી હતી. પોલીસે સાજીદ ભટ્ટની કડક પુછતાછ કરતા તેણે ફાઈનાન્સર ધર્મેન્દ્ર પટેલની હત્યા કરી લાશને કબ્રસ્તાનમાં દફનાવી હોવાની કબુલાત કરી હતી. પોલીસે કબ્રસ્તાનમાંથી લાશને બહાર નીકાળીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. બીજી બાજુ યુવાન ફાઈનાન્સરની હત્યા થતાં મામલો ગરમાયો હતો અને હત્યારાઓને કડકમાં કડક સજા થાય તેવી માંગ સાથે શનિવારના રોજ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. બંધને હિંમતનગર તેમજ ઈડરમાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જયારે પ્રાંતિજ, તલોદ, મોડાસા, ખેડબ્રહ્મા, મેઘરજ, ભિલોડા, સહિતના મથકો ઉપર જનજીવન રાબેતા મુજબ ચાલુ રહ્યું હતું હિંમતનગરના તમામ બજારો શાળા કોલેજો એ સજ્જડ બંધ પાળ્યો હતો. બંધ દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા દ્વારા તમામ મથકો ઉપર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ડીસામાં ફર્સ્ટ એઈડ ચલાવતી સંસ્થા દ્વારા ૧૧ મહિના થયા છતાં સર્ટિફિકેટ ન મળતા યુવાનોની હાલત કફોડી બની

ગુજરાત એસ.ટી. વિભાગના કંડકટર તરીકે નોકરી મેળવી શકાય તે હેતુથી ડીસાની એક સંસ્થા દ્વારા ફર્સ્ટ એઈડનો કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં બેરોજગાર યુવાનોની મજબુરીનો ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો હોવાની વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે.

ડીસા શહેરમાં કંડકટરનો કોર્ષ ચલાવતા જહોન એમ્બ્યુલન્સ એસોસીએશન નામની સંસ્થા બેરોજગાર યુવાનોની મજબુરીનો ગેરલાભ ઉઠાવે છે. આવી કારમી મોંઘવારીમાં નોકરી માટે રઝળપાટ કરતા યુવાનો કોર્ષ કરવા માટે જાય ત્યારે કોર્ષ ચલાવતા વ્યવસ્થાપક કાયદેસરની ફી કરતા ત્રણ ગણા રૂપિયા વસુલે છે. જ્યારે પાવતી માત્ર કાયદેસરની નજીવી ફી ની આપે છે. તેમજ તમારૂ સર્ટીફિકેટ છ મહિનામાં આવી જશે. તમને પરીક્ષામાં પાસ કરી દેશુ. જેવા પ્રલોભનો આપી યુવાનો પાસેથી મસમોટી રકમ પડાવવામાં આવે છે. તેમ છતાં યુવાનોના સર્ટી અગીયાર મહિના થયા હોવા છતાં આપવામાં આવતા નથી. અગિયાર મહિના પહેલા કોર્ષ કરેલ ઉમેદવારના સર્ટી નહી આવતા તાજેતરમાં જે કંડકટરની ભરતી પડેલ છે તેમાં કેટલાય ઉમેદવારોને સર્ટી વિના ફોર્મ ભરવાથી વંચિત રહેવું પડશે. તેમજ કાચા સર્ટી માટે પણ રૂ. ૫૦૦ અને રીન્યુ કરવાના પણ રૂ. ૧૦૦૦ સંસ્થા યુવાનો પાસેથી પડાવે છે. એક તરફ યુવાનો રોજગારી વિના ભટકી રહ્યાં છે. તો બીજી તરફ જ્હોન એમ્બ્યુલન્સ નામની સંસ્થાના વ્યવસ્થાપક દ્વારા બેફામ રીતે નાણા પડાવાતા હોવાથી યુવાનોની હાલત કફોડી બનવા પામી છે. ત્યારે બેફામ નાણા પડાવતી આવી સંસ્થા ઉપર તંત્ર દ્વારા લગામ તાણવામાં આવે તેવું યુવાનો ઈચ્છી રહ્યા છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે પર આવેલ દલપુર સીમમાંથી યુવાનનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુરા ગામે નેશનલ હાઈવે નંબર આઠની સાઈડમાં આવેલ જાડીઓમાંથી વાયરથી ગળેફાંસોખાઈને ઝાડ ઉપર લટકતો મૃતદેહ મળી આટના સ્થળે લોકોના ટોળા સાથે પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રાંતિજ દલપુર સીમમાં નેશનલ હાઈવે નંબર આઠની જાડીઓમાં ઝાડ ઉપર ચડીને વાયરથી ગળાફાંસો ખાઈને મૃત્યુ પામનાર યુવાન પરમાર વિનોદભાઈ કાનજીભાઈ ઉ.વ. અંદાજીત ૪૦ વર્ષ હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે મરણ પામનાર યુવાન સુંદરપુર તા. વિજાપુર, જી. મહેસાણાનો યુવાન હોવાનું અને યુવાનના ખીસ્સામાંથી એક મૃત્યુનોંધ મળી આવી હતી અને તેના ખીસ્સામાંથી રીજેન્ટ ઝેરી દવા પણ મળી હતી. તેની પાસેથી એક મોબાઈલ અને બે એ.ટી.એમ. કાર્ડ પણ મળ્યા હતા. જ્યારે પ્રાંતિજ પોલીસે ઘટનાસ્થળ ઉપર આવીને આત્મહત્યાનો ગુનો નોંધી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

ઊંઝામાં શહેરી બસ સેવા શરૂ કરવા માંગણી

ઊંઝા, તા. ૨૭

વેપારી મથક ઊંઝા શહેરના વધતા જતા વિસ્તાર અને વસતિના પ્રમાણને ધ્યાનમાં લઈને સ્થાનિક નગરપાલિકાએ સત્વરે શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવા શહેરીજનોની માંગણી ઉઠી છે.

વેપારી મથક ઊંઝા શહેરમાં અંદાજે ૮૦ હજાર જેટલી વસતિનું પ્રમાણ છે. કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજીનું મંદિર તેમજ માર્કેટયાર્ડને કારણે શહેરમાં બહારથી રોજિંદા અસંખ્ય યાત્રિકો, વેપારીઓ, ખેડૂતોની અવર જવર રહે છે. છેલ્લા ઘણા વખતથી શહેરનો વ્યાપ ખૂબ વધી ગયેલ છે. શહેરના ફોરલેન હાઈવે, પાટણરોડ પર, દાસજરોડ પર, કામલી રોડ પર તેમજ શહેરના અન્ય વિસ્તારોમાં ઘણી સોસાયટીઓ બની છે. જેમાં લોકો વસવાટ કરે છે.

શહેરમાં પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ દિશા તરફ જવા માટે ઓછામાં ઓછું ત્રણ થી ચાર કિ.મી. સુધીનું અંતર થાય છે. શહેમાં સીટી બસ સર્વિસના અભાવે લોકોને શહેરના વિવિધ વિસ્તારોમાં જવા માટે મુખ્યત્વે ઓટોરીક્ષાઓનો ઉપયોગ કરવો પડે છે. જેનું ભાડું લોકોને મોંઘુ પડતું હોય છે. આવી સ્થિતિમાં નગરપાલિકા દ્વારા શહેરમાં જુદા જુદા વિસ્તારોને સાંકળી લેતા રૂટો પર સીટી બસ સેવા શરૂ કરાય તો બહારના યાત્રિકો, તેમજ શહેરીજનોને સારી બસ સગવડ મળી શકે તેમ છે.

ડીસા રાજપુર રોડ પર તંત્ર દ્વારા ખડકાતા કચરાના ઢગલા

કચરાનો મોટો ઢગલો થયા બાદ આગ લગાવાતા દુર્ઘટનાની સેવાઈ રહેલી આશંકા

ડીસા, તા. ૨૭

ડીસા શહેરના મીરા મહોલ્લાથી રાજપુર તરફ જવાના માર્ગ પર આવતા વ્હોળા નજીક લોકો અને નગરપાલિકાના ટ્રેકટરો દ્વારા ફેંકાતા કચરાથી અત્યારે હાલ ત્યાં કચરાનો ડુંગર જોવા મળે છે. આ અંગે લોકોએ વારંવાર તંત્ર સમક્ષ રજુઆતો કરી છે. છતાં પાલિકાના નઘરોળ તંત્ર દ્વારા તેનો યોગ્ય ઉકેલ આવતો નથી તેમજ આસપાસમાં રહેતા ભંગારના વપારીઓ પણ આ જગ્યાએ ઈલેકટ્રીક સાધનો અને વાહનોનો ભંગાર મોટા પાયે ફેંકે છે. કચરાનો મોટો ઢગલો થયા બાદ તેને સળગાવાતો હોવાથી સમગ્ર વ્હોળા વિસ્તાર આગની લપેટોમાં સપડાઈ જાય તેમ છે. ધુમાડાના ગોટેગાટાથી આસપાસના લોકો અને વાહન ચાલકોને પણ પરેશાની વેઠવાનો વારો આવે છે. જયારે ઊંચે જતી આગની જવાળાઓથી સ્ટ્રીટ લાઈટની લાઈન પણ બળીને રાખ થઈ ગઈ છે. જેથી મહિનાઓથી આ સૂમસામ વિસ્તારમાં અંધારપટ છવાયેલો છે. પરિણામે ચોમાસાની ઋતુમાં અહીંયાથી પસાર થવું પણ નાગરિકો માટે મુશ્કેલ બની ગયુ છે. આ બાબતે અનેકવાર પાલિકા તંત્રનું ધ્યાન દોરવા છતાં પણ પાલિકાના ટ્રેકટરો દ્વારા કચરો

ઠાલવવામાં આવે છે. આજ દિન સુધી કચરાના મોટા ઢગલાને આગ ચાંપવાની પરંપરા યથાવત રહી છે. આ આગને કારણે આસપાસના વિસ્તારમાં પણ આગ લાગવાની સંભાવના રહેલી છે. જેને પરિણામે વસવાટ કરતાં લોકોના માથે મોતનો ખતરો મંડરાઈ રહ્યો છે. વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર દબાણનો રાફડો ફાટયો હોય તેવી પરિસ્થિતિ છે. ગતરોજ પાલિકા તંત્રના સીટી સર્વે સુપ્રિટેન્ડેટ એમ.એન. ગોર, દબાણ અધિકારી મનોજ પટેલ, ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ જવાનસિંહ ઠાકોર, મામલતદાર કાળુજી ઠાકોર, પી.આઈ. કે.ડી.નકુમ સહિતનો કાફલો ઉક્ત વિસ્તારના દબાણો દુર કરવા ગયો હતો. પરંતુ જાગૃત નાગરિકોએ તેમને કચરાના ઢગલાની સ્થિતિ બતાવતા અધિકારીઓ ઢગલાને નજર અંદાજ કરી રવાના થઈ ગયા હતા ત્યારે આ કચરાનો ઢગલો દુર થશે કે કેમ તે એક પ્રશ્નાર્થ બની રહ્યો છે.

ડીસાના ભોપાનગર વિસ્તારમાં લઘુમતી કોમના બે જુથો વચ્ચે અથડામણ

૧૯ વિરૂદ્ધ ફરિયાદ ૭ની ધરપકડ

ડીસા, તા. ૨૭

ડીસા શહેરના ભોપાનગર વિસ્તારમાં શુક્રવારની મોડી રાત્રે રસ્તે ચાલવાની બાબતમાં લઘુમતી સમાજના બે જુથો વચ્ચે હીંસક અથડામણ થતાં તંગદીલી ફેલાઈ હતી અને બંને ટોળા સામ સામે આવી જતાં ડીસા શહેરમાં પશ્ચિમ પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિને કાબુ બહાર જતી અટકાવી હતી.

ડીસા શહેરના ભોપાનગરમાં ખાડા તરીકે ઓળખાતા વિસ્તારમાં શુક્રવારની મોડી સાંજે રસ્તાની બાબતમાં મુસ્લિમ સમાજના મુસલા અને કસાઈ જુથ સામ સામે આવી ગયા હતા જેમાં તલવાર, વાંસી, લોખંડ પાઈપ, લાકડી વગેરે હથિયારો સાથે એકબીજા ઉપર હુમલો કરતાં ઘવાયેલાઓને સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે બંને પક્ષો દ્વારા સામ સામે ફરિયાદ નોંધાવા પામી છે. જેમાં પોલીસે સાત આરોપીઓને પકડી લઈ જેલના સળીયા પાછળ ધકેલ્યા છે.

કસાઈ જુથના મોહસીન જહર

હુસેન કુરેશીએ યુસુફભાઈ બાદરભાઈ સુમરા, ઉમરભાઈ રહીમભાઈ સુમરા, કાસમ રહીમભાઈ સુમરા, નાથુભાઈ રહીમભાઈ સુમરા, અનવરભાઈ નાથુભાઈ સુમરા, રમઝુ ગુલાવાભાઈ સુમરા, જીતાબેન રહીમભાઈ સુમરા, રહીમસુમરા આમીન ગુલાબભાઈ સુમરા, સુલેમાન સુમરા, અબ્દુલ નાથુભાઈ સુમરા તમામ રહે. ભોપાનગર ખાડા વિસ્તાર સામે ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે ઉમરભાઈ રહીમભાઈ સુમરાએ મોહસીન હુસેન કુરેશી, ફિરોજ ગુલાબભાઈ કુરેશી, રસીદભાઈ કુરેશી, રૂકસાના બેન ગુલાબનબી સોલંકી, રિયાઝ અહેમદ ગુલાબનવી સોલંકી આશીયા રસીદભાઈ કુરેશી, ગુલાબ હુસેન ગુલાનબવી સોલંકી સામે ગુનો નોંધાવ્યો છે. પોલીસે બંને જુથોની ફરિયાદ લઈ બંને પક્ષે સાત આરોપીઓની ધરપકડ કરી છે. તેમજ આ વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૫૭૦	૮૪૭
એરંડા	૬૬૫	૬૭૫
ઘઉં	૩૦૦	૩૬૭
મગ	૬૦૦	૭૭૪
બાજરી	૨૦૯	૨૯૧
ગવાર	૯૮૫	૧૦૨૦

સલાલ

એરંડા	૬૩૫	૬૫૫
મગફળી	૭૧૦	૮૪૦
ઘઉં	૩૦૫	૩૪૦
બાજરી	૨૦૦	૨૭૦
ડાંગર જ્યા	૨૮૦	૩૨૦

પ્રાંતિજ

એરંડ	૬૪૦	૬૫૫
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૭૦
ડાંગર જ્યા	૨૮૦	૩૨૧

ધનસુરા

એરંડા	૬૪૦	૬૬૦
મકાઈ	૨૯૦	૩૦૫
ઘઉં	૩૧૦	૩૫૦
બાજરી	૨૩૦	૨૭૦
ગવાર	૯૦૦	૧૧૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૧	૩૨૦
ઘઉં ૪૯૬	૩૨૦	૩૪૦
એરંડા	૬૪૫	૬૫૫
મગફળી	૨૭૫	૨૭૮

મોડાસા

એરંડા	૬૫૫	૬૭૪
બાજરી	૨૫૦	૨૭૪
મકાઈ	૨૭૦	૩૧૦
ઘઉં	૨૮૫	૩૨૦
મગફળી	૫૦૦	૭૭૪
ગવાર	૯૮૦	૧૦૦૭

ટીંટોઈ

એરંડા	૬૫૦	૬૬૭
બાજરી	૨૫૦	૨૬૫
ઘઉં	૩૦૫	૩૨૦
મગફળી	૬૫૦	૮૦૦

દહેગામ

બાજરી	૨૭૫	૨૮૭
ઘઉં	૩૧૫	૩૨૪
ડાંગર	૨૭૦	૨૯૫
એરંડા	૬૬૪	૬૬૮
ગવાર	૮૦૦	૯૮૦
મકાઈ	૨૫૦	૩૦૦
તુવેર	૫૨૫	૬૦૦
જુવાર	૩૩૨	૩૭૨
રાયડો	૫૨૫	૫૭૫

રખિયાલ

બાજરી	૨૭૦	૨૮૫
ઘઉં	૩૧૦	૩૨૦
ડાંગર	૨૬૫	૨૯૦
એરંડા	૬૬૦	૬૬૫
ગવાર	૭૭૫	૯૭૦
મકાઈ	૨૪૦	૨૮૦
તુવેર	૫૨૦	૫૯૦
જુવાર	૩૨૦	૩૭૦
રાયડો	૫૨૦	૫૭૦

કડી

ઘઉં	૩૦૭	૩૪૩
બાજરી	૨૩૨	૩૦૦
ગવાર	૮૦૦	૧૦૭૨
એરંડા	૬૫૨	૬૫૭

સિદ્ધપુર

રાયડો	૫૫૦	૫૯૭
એરંડા	૬૫૦	૬૮૦
ગવાર	૮૫૧	૧૦૪૦
ઘઉં	૩૦૦	૩૪૯
બાજરી	૧૭૦	૨૯૨
જુવાર	૨૮૭	૫૫૨

વિસનગર

ઘઉં	૩૦૦	૩૩૯
બાજરી	૨૦૦	૩૦૬
રાયડો	૫૮૦	૬૧૨
એરંડા	૬૫૦	૬૯૨
જુવાર	૨૨૫	૫૭૩.૫૦
મેથી	૪૦૦	૫૫૦
ગવાર	૬૩૫	૧૦૧૧
રજકાના બી	૧૩૦૦	૨૬૬૫

મહેસાણા

જુવાર	૩૦૬	-
ઘઉં	૨૯૭	૩૩૭
જીરૂ	૨૪૦૦	૨૪૦૫
રાયડો	૫૨૬	૫૯૫
મેથી	૫૧૧	૫૨૫
બાજરી	૨૩૪	૨૮૯
એરંડા	૬૫૦	૬૬૫
અજમો	૫૧૪	૧૦૯૨
ગવાર	૯૧૫	૧૦૧૧
બંટી	૩૭૬	-
રજકાબી	૧૮૯૫	૨૬૭૫

આંબલીયાસણ

ઘઉં	૨૮૪	૩૨૬
બાજરી	૨૧૩	૨૬૯
રાયડો	૫૪૮	૫૮૦
એરંડા	૬૪૫	૬૫૧

જોટાણા

એરંડા	૬૫૦	૬૫૮
રાયડો	૫૮૪	-
બાજરી	૨૪૮	-
ગવાર	૮૩૧	૮૬૨

હારીજ

રાયડો	૫૫૦	૫૭૬
એરંડા	૬૩૫	૬૬૨
સાસટો	૨૮૩	૩૨૩
બાજરી	૨૧૦	૨૪૯
ઘઉં	૨૯૦	૩૩૫
ગવાર	૮૦૦	૧૦૪૨
અડદ	૪૦૦	૫૦૧
ચણા	૫૦૭	૫૫૦
જીરૂ	૨૨૫૦	૨૫૭૫
સવા	૬૦૦	૬૭૦

બાયડ

એરંડા	૬૫૦	૬૭૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૨૦	૨૬૫
મકાઈ	૨૮૦	૨૯૫
ગવાર	૧૦૦૦	૧૨૦૦

ઉંઝા

જીરૂ	૨૧૫૦	૨૮૧૧
વરીયાળી	૯૬૬	૨૦૨૨
ઈસબગુલ	૧૨૦૧	૧૩૪૫
સરસવ	૬૬૨	-
રાયડો	૫૮૦	૬૯૧
મેથી	૪૬૫	-
તલ	૧૭૦૦	૨૩૫૦
સવા	૬૬૦	-

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૨૦	૨૦૦
બટાટા ડીસા	૧૬૦	૨૩૫
ડુંગળી સૌરાષ્ટ્ર	૪૦૦	૪૮૦
ડુંગળી મહારાષ્ટ્ર	૪૨૦	૫૧૦
રીંગણ	૨૦૦	૫૦૦
રવૈયા	૨૦૦	૭૦૦
કોબીજ	૧૦૦	૨૪૦
ફુલાવર	૩૦૦	૪૬૦
ટામેટા પાકા	૧૪૦	૫૦૦
દૂધી	૧૦૦	૨૪૦
કાકડી	૨૦૦	૬૦૦
ગીલોડા	૨૦૦	૮૦૦
મરચાં દેશી	૧૦૦	૩૨૦
લીંબુ	૨૦૦	૩૬૦
આદુ	૧૪૦૦	૨૧૦૦
બીટ	૧૬૦	૩૦૦
ગાજર	૧૬૦	૨૪૦
મરચા ધોલાર	૬૦૦	૯૬૦
કોથમીર	૧૦૦	૫૦૦
કારેલા	૨૦૦	૫૦૦
ભીંડા	૨૦૦	૮૦૦
ગવાર	૫૦૦	૧૦૦૦
ચોળી	૨૦૦	૭૦૦
ગલકા	૧૦૦	૩૫૦
તુરીયા	૨૦૦	૮૦૦
પરવર	૫૦૦	૭૦૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601